# પ્રાંતિજ ખાતે ખેડૂતો દ્વારા ટ્રેક્ટર રેલી યોજી આવેદનપત્ર આપ્યું

## ટ્રેક્ટર રેલી યોજી ચાલુ સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ખેડૂતો દ્વારા ખેડૂતોના પ્રશ્નો ને લઈને પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધી ટ્રેક્ટર રેલીયોજી કાર્યક્રમો યોજાય છે ત્યારે પ્રાંતિજ નેશનલ હાઇવે આઠ ત્રણ રસ્તા ઉપર થી ખેડૂતો દ્વારા ટ્રેક્ટર રેલીયોજી ચાલુ સરકાર સામે નિખીલ પટેલ, પાસ કન્વીનર અનીલ પટેલ સહિત ખેડૂત આગેવાનો ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આવેદનપત્ર આપ્યું



પ્રાંતિજ તલોદના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું.

પ્રાંતિજ ખાતે તાલુકાનાં ખેડૂતો દ્વારા પોષણ ભાવ તથા લોનમાફી જેવા પ્રશ્નો ને લઈને હાલ છેલ્લાં બે દિવસ થી પ્રાંતિજ ખાતે ખેડૂતો દ્વારા એક પછી એક સુત્રોચ્ચાર કરી પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ખાતે આવેલ તાલુકા સેવા સદન ખાતે જઇ પ્રાંતિજ-તલોદ ના પ્રાંત અધિકારી એ.આર.ચૌધરી ને તેમની માંગણીઓ ને લઈને આવેદનપત્ર આપ્યુ હતું તો પ્રસંગે ખેડૂત સંઘર્ષ સમિતિ ના કન્વીનર હતું તો આજે ખેડૂતો તથા પાસ દ્વારા પ્રાંતિજ બંધ નું એલાન આપવામાં આવ્યું હતું પણ પ્રાંતિજ બંધ થી સંપૂર્ણપણે વેગળુ રહ્યું હતું અને બજારો રાબેતા મુજબ ખુલ્લાં જોવાં મળ્યા હતાં અને બંધની પ્રાંતિજમાં કોઇ અસર જોવાં મળી નહોતી.

# આલમપુરની પરણિતાનો નદીમાં ઝંપલાવી ભેદી કારણોસર આપઘાત

ગાંધીનગર, તા.૧૦

ફિરોજપુર ગામમાંથી તાજેતરમાં જ પોતાના પિયર આલમપુર ગામમાં ડીલીવરી કરવા માટે આવેલી પરિણીતાએ ભેદી કારણોસર સાબરમતી નદીમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ગઈકાલે પિયરમાંથી ચિલોડા દવા લેવા જવાનું કહીને નીકળેલી પરણિતા લાપતા થઈ ગઈ હતી અને આજે તેણીનો મૃતદેહ સાબરમતી નદીમાંથી મળી આવ્યો હતો. નોંધનીય બાબત તો એ છે કે ૨૨ દિવસ પહેલાં જ તેણીએ પુત્રને જન્મ આપ્યો હતો. કયા કારણોસર આ પગલું ભર્યું તે હજુ રહસ્યમય છે. તો બીજી તરફ પિયર કે સાસરીમાંથી કોઈને એકબીજા પર કોઈ પ્રકારના આક્ષેપ ન હોવાનું પોલીસનું કહેવું છે. ચિલોડા પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગર નજીક આવેલા આલમપુર ગામની ૨૮ વર્ષીય પરિણીતા મનિષાબેન જશવંતસિંહ રાઠોડની સાસરી ફિરોજપુર ગામે આવેલી છે. મનિષાબેનના લગ્ન નરેશભાઈ બકાજી જાદવ સાથે થયા હતા. મનિષાબેન પિયરમાં ડીલીવરી કરવા માટે આવ્યા હતા અને ૨૨ એક દિવસ પહેલાં જ તેને બીજો પુત્ર જન્મ્યો હતો. ગઈકાલે મનિષાબેન પિયરમાંથી ચિલોડા ખાતે દવા લેવા જવાનું કહીને નીકળ્યા હતા પરંતુ મોડી રાત થઈ ગયા બાદ પણ તે ઘરે પરત ફરી ન હતી. પરિણીતાના પિયરના અને સાસરીના બંને પરિવારના સભ્યો તેણીની શોધખોળ માટે દોડી રહ્યા હતા. આજે સવાર સુધી તેણીના ક્યાંયથી સગડ ન મળતા આખરે ચિલોડા પોલીસ મથકમાં પરણિતાના ગુમ થયા બાબતે ની જાણવાજોગ નોંધાવા પરિવારના સભ્યો પહોંચ્યા હતા. જો કે તે જ અરસામાં સાબરમતી નદીમાંથી એક મહિલાનો મૃતદેહ મળ્યો હોવાના મેસેજ મળ્યા હતા. ત્યાં તપાસ કરતા આ મૃતદેહ મનિષાબેનનો જ હોવાનું જાણવા મળ્યું હતું. મનિષાબેને કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી બહાર આવ્યું નથી પરંતુ ૨૨ દિવસ પહેલાં જ પુત્ર ને જન્મ આપનાર પરણિતાએ કયા કારણોસર આ પગલું ભરવું પડ્યું તે બાબત વધુ રહસ્યમય છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આ ઘટના અંગે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. જો કે મૃતક પરણિતાના પિયર કે સાસરી બંને પક્ષોમાંથી કોઈ પણ પરિવારના સભ્યોને એક બીજા ઉપર કોઈ આક્ષેપ ન હોવાનું જાણવા મળ્યું છે.

# ગાંધીનગર નજીકની પાંચ ફેકટરીને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નોટીસ

ગાંધીનગર, તા.૧૦

સરકારી નિયમોની ઐસી કી તૈસી કરી હવામાં હાનિકારક પ્રદૂષણ ફેલાવતી ગાંધીનગર સહિત આસપાસની પાંચ ફેકટરીને નોટિસ ફટકારવામાં આવી છે અને એકમો પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે. પ્રદૂષણ ફેલાવતા એકમો સંતોષકારક ખુલાસો નહીં કરે તો ઉદ્યોગ બંધ કરવા સુધીના પણ પગલાં લેવામાં આવશે.

ગાંધીનગર, કલોલ, છત્રાલ વિસ્તારમાં સંખ્યાબંધ ઉદ્યોગના એકમો આવેલા છે. કેટલાક એકમો હવા અને પાણી પ્રદૂષણ કરતા હોવાની ફરિયાદો ભૂતકાળમાં થઈ છે. થોડા દિવસ અગાઉ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પ્રાદેશિક કચેરીના રીજનલ ઓફિસરની આગેવાનીમાં રૂટિન ચેકીંગ કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ જેટલા એકમો હવામાં પ્રદૂષણ ફેલાવતા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જાક સ્થિત નન પ્લાઈ એન્ડ બોન્ડ, ગાંધીનગરની ઈકો ગ્રીન પ્રોડકટ, છત્રાલની ટાઈટન એગ્રો, માણસાની રૂશીલ ડેકોર્ડ તથા શેરથાના એક એમ પાંચ એકમો સામે હવા અધિનિયમ હેઠળ નોટીસ આપવામાં આવી છે અને તમામ પાસે ખુલાસો માંગવામાં આવ્યો હતો.

# પૂજન ડાન્સ એકેડમી દ્વારા મેગા ડાન્સ અને ફેશન શૉ યોજાયો


## મેગા ડાન્સમાં સરકારી શાળાના બાળકોએ ધૂમ મચાવી : એક પગનું હાડકું તૂટેલું હોવા છતાં અનિતાએ રેમ્પ વોક કર્યું

ગાંધીનગર, તા.૧૦

પૂજન ડાન્સ એકેડમી અને પૂજન ફાઉન્ડેશનના સહયોગથી શહેરમાં ટાઉનહોલ ખાતે મેગા ડાન્સ અને ફેશન શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાના ભૂલકાંઓથી માંડી ૬૫ વર્ષના વૃદ્ધ દંપતિ દ્વારા ડાન્સ કરવામાં આવ્યો હતો. ફેશન શૉમાં આશરે ૧૦ જેટલી થીમ પર નાના બાળકો, કિશોરો, યુવાનો તથા માતાઓએ રેમ્પ વૉક કર્યું હતું. આ કાર્યક્રમમાં ત્રણ પેઢીને આવરી લેવાઈ છે.

પૂજન ડાન્સ એકેડેમી આયોજિત કાર્યક્રમમાં મહેમાન તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, શશીકુંજના સ્થાપક ભૈરવી લાખાણી, બાબુજી ઠાકોર, સંજય થોરાત તથા કોર્પોરેટર હર્ષાબા ઉપસ્થિત રહ્યા હતા.

પૂજન ડાન્સ એકેડેમીના 'લેટસ ડાન્સ' કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી શાસ્ત્રીય નૃત્ય થકી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બોલીવુડ સ્ટાઈલ 'સ્ટોપ ચાઈલ્ડ લેબર' વિષય પર કંટેમ્પરરી ડાન્સ, ભુલકાંઓ દ્વારા હિન્દી ગીતો પર નૃત્ય, માતાઓ દ્વારા ઘુમર નૃત્ય, ડેસપસીટો અંગ્રેજી ગીત પર મોર્ડન કથક, ઝુમ્બા ડાન્સ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૫ થી ૮ વર્ષના બાળકો દ્વારા રેડિયો થીમ પર, રેટ્રો સોન્ગસ પર, સોલો, હિપહોપ, લોકિંગ, બ્રેકડાન્સ, લીરીકલ હિપહોપ તથા કંટેમ્પરરી જેવા નૃત્યો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૬૫ વર્ષના વૃધ્ધ દંપતિ દ્વારા સ્ફૂર્તિપૂર્વક કપલ ડાન્સ પણ કરવામાં આવ્યો હતો.



મેગા શૉમાં સમરકેમ્પ દરમિયાન પ્રજ્ઞા ગજ્જર દ્વારા તાલીમ અપાયેલી સરકારી શાળાની ૭ વિદ્યાર્થીનીઓ દ્વારા પણ ડાન્સ પર્ફોમન્સ કરવામાં આવ્યું હતું. ડાન્સ શૉમાં ગેસ્ટ અપિયરન્સમાં ઝી ચેનલના ડાન્સ ઈન્ડિયા ડાન્સ ફેમ પ્રિયાકુમારી વરૂણેશ તથા સુપર ડાન્સરથી પ્રખ્યાત થયેલા રિશી પંચાલે દર્શકોના દિલ જીતી લીધા હતા. બાળમજુરીની યાતના સહન કરી ચૂકેલા બાળકો દ્વારા જ 'સ્ટોપ ચાઈલ્ડ લેબર' થીમ પરની નૃત્ય પ્રસ્તુતિથી દર્શકોના હૃદય દ્રવી ઉઠયા હતા. કાર્યક્રમમાં પૂજન ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓ રજૂ કરતી ડોકયુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં



આવી હતી. પૂજન ફાઉન્ડેશન દ્વારા 'આપણું ફાઉન્ડેશન'ના સહયોગથી ફેશન શૉમાં ટેડીબેર થીમ, અમ્બ્રેલા થીમ, બ્લેક થીમ, મધર એન્ડ ચાઈલ્ડ થીમ, ગોવા થીમ, કલરફુલ થીમ વગેરે જેવી થીમ્સ પર રેમ્પ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.ગેસ્ટ પ્રિયાકુમારી તથા પ્રજ્ઞા ગજ્જરે પણ રેમ્પવૉક કરીને દર્શકોને ચોંકાવી દીધા હતા.



સમરકેમ્પ, વૃક્ષારોપણ, ફૂડ પેકેટ વિતરણ જેવી ઘણી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

કાર્યક્રમમાં ફેશન શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૦ જેટલી થીમ પર ભૂલકાંઓથી લઈને તેમની માતાઓએ પણ રેમ્પ વૉક કર્યું હતું. વૉક દર્શકોએ નિહાળ્યું હતું. આ ઉપરાંત ચરેડી શાળાના બાળકોએ પણ રેમ્પ વૉક કર્યું હતું. ફેશન શૉમાં દિવ્યાંગ દિકરી તથા પગનું હાડકું તૂટેલી પરિસ્થિતિમાં વૉક કરનારી દિકરી-બંનેએ લોકોના દિલ જીતી લીધા હતા. ઈન્ડો-વેસ્ટર્ન આઉટફીટ પ્રસ્તુત કરનાર યુવતીઓએ આખાય ફેશન શૉમાં મધર એન્ડ ચાઈલ્ડ થીમમાં રેમ્પ વૉક કરનારા માતા-બાળકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પૂજન ડાન્સ એકેડમી દ્વારા આયોજિત મેગા ડાન્સ અને ફેશન શૉમાં મોટી સંખ્યામાં નગરજનો એકત્રિત થયા હતા અને કાર્યક્રમને માણ્યો હતો.

# ડભોડા ત્રણ રસ્તા પાસેથી દારૂ ભરેલી ગાડી પકડાઈ

ડભોડા પોલીસને મળેલી બાતમીના આધારે ડભોડા ત્રણ રસ્તા નજીક પોલીસની ટીમે વોચ ગોઠવી દારૂની હેરાફેરી કરતી ગાડી ને પકડવા તજવીજ શરૂ કરી હતી. દરમિયાન બાતમીવાળી શેવરોલેટ ગાડી ત્યાંથી પસાર થતા પોલીસે તેને ઉભી રાખવા ઈશારો કર્યો હતો. ગાડીમાં બેઠેલો શખ્સ ગાડી મૂકીને ફરાર થઇ ગયો હતો. પોલીસે ગાડીમાં તપાસ કરતા અંદરથી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. એક લાખ રૂપિયાની કિંમતનો દારૂ બિયર તથા બે લાખની ગાડી મળી ડભોડા પોલીસે ત્રણ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

# પીંપળજ ગામમાંથી દારૂની બોટલો મળી

પેથાપુર પોલીસ સ્ટેશનની એક ટીમ પીપળજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે પીપળજ ગામે રહેતા કિશનસિંહ યશવંતસિંહ રાઓલના ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં દિગ્વિજયસિંહ ઉર્ફે ટીનો સુરેન્દ્રસિંહ રાણા વિદેશી દારૂના છૂટક વેપલો કરે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા તે સ્થળેથી મીણીયાની થેલીમાંથી ડ્રાય જીનની ૧૨ નંગ બોટલ મળી આવી હતી. જોકે ટીનો સ્થળ પર મળી આવ્યો ન હતો. પેથાપુર પોલીસે ૧૨ નંગ બોટલ જપ્ત કરી ટીના સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.



## સે-૧૩-બીની શિવકથામાં નવદુર્ગા પ્રાગટય

ગાંધીનગરમાં પવિત્ર અધિક માસ નિમિત્તે ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શહેરના સેકટર-૧૩-બીમાં છેલ્લા સપ્તાહથી ચાલી રહેલ શિવકથામાં પાર્વતીજીના પ્રાગટયનો પ્રસંગ રસપ્રદ રીતે ઉજવાયો હતો. જેમાં ૯ દિકરીઓ નવદુર્ગાની વેશભૂષા સાથે મંચ પર ઉપસ્થિત થતાં અલૌકિક દશ્ય સર્જાયું હતું. શિવ ઉપાસક તપોધન બાપુની વ્યાસપીઠે ચાલી રહેલી આ શિવકથાનું સમાપન તા. ૧૨મી જૂને થશે. અત્યારે આ શિવકથામાં દરરોજ રાત્રે મોટી સંખ્યામાં ભાવિક શ્રધ્ધાળુઓ કથાનું રસપાન કરવા ઉમટી રહ્યા છે.

# વિશ્વ રકતદાતા દિને રાજયભરમાં રકતદાન શિબિરોનું આયોજન કરાશે

ગાંધીનગર, તા.૧૦

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત આગામી તા. ૧૪મી જૂને વિશ્વ રકતદાતા દિન નિમિત્તે રાજયભરમાં મેગા રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવશે. હાલ ઉનાળાની સિઝનમાં ઉદભવેલી રકતની તીવ્ર અછતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત સરકારી બ્લડ બેંકોમાં લોહીની અછત ના સર્જાય તે હેતુથી દરેક જિલ્લામાં રકતદાન શિબિરો યોજવામાં આવનાર છે.

તાજેતરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે નેશનલ હેલ્થ મિશન તથા જીએમઈઆરએસના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિર યોજવામાં આવી હતી. જેમાં ૨૭૯ રકત બેગ્સ સ્વૈચ્છિક રકતદાન થકી એકત્ર થવા પામી હતી. આ રકત જથ્થો જીવન ટકાવવા મથતી જરૂરિયાતમંદ વર્ગની સગર્ભાવસ્થા કે પ્રસુતિ માટે દાખલ મહિલાઓ, ટ્રાફિક એકિસડન્ટમાં ઘવાયેલાઓ, થેલેસેમિયા કે કેન્સરની સારવાર લેતા દર્દીઓના ઉપયોગ માટે લેવામાં આવશે. આગામી તા. ૧૪મી જૂને વિશ્વ રકતદાતા દિવસ નિમિત્તે હવે રાજયના દરેક જિલ્લામાં આ પ્રકારે મેગા રકતદાન શિબિર યોજી ઉનાળામાં સર્જાયેલ રકતની અછતને પહોંચી વળવા આરોગ્ય વિભાગ સજ્જ થયું છે. આ અંતર્ગત દરેક જિલ્લામાં એનએસએસ, નહેરુ યુવા કેન્દ્ર, કોલેજો તથા સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી મહા રકતદાન શિબિરો યોજવામાં આવશે.

# ડીસામાં જાહેર રોડ પર દારૂ ભરેલી ગાડીનો અકસ્માત

બનાસકાંઠાના ડીસા શહેરમાં ખુલ્લેઆમ દારૂ વેચાઈ રહ્યો છે. શહેરના મોટા ભાગના વિસ્તારોમાં પોલીસની બીક વિના બૂટલેગર દારૂનુ વેચાણ કરી રહ્યા છે ત્યારે શનિવારે સાંજે શહેરના કોલેજ રોડથી દીપક હોટેલ તરફ જવાના રસ્તા પર પુર ઝડપે પસાર થઈ રહેલી કારના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા કાર ધડાકાભેર ટીસીડી ફાર્મની દીવાલ સાથે ટકરાતા કારના આગળના ભાગે મોટું નૂકશાન થયું હતું.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

જવાહરલાલ નહેરુને મળવા એ ગયાં. સાથે એક બેગ અને એક નોંધવહી લઈને ગયાં હતાં. એમણે એ બંને વસ્તુ વડા પ્રધાન નેહરુને સુપરત કરી. કહ્યું કે બાપુએ આપને કૉંગ્રેસ પક્ષના આ ૩૫ લાખ રૂપિયા અને કૉંગ્રેસના હિસાબોની વહી પહોંચાડવા કહ્યું હતું. નેહરુએ આભાર માનીને એ લઈ લીધું. પણ પોતાના જૂના સાથીની દીકરીને બીજું કાંઈ કહ્યું નથી.

મણિબહેન પણ મણિબહેન હતા. એ ત્યાંથી ચાલી નીકળ્યાં. શ્વેતક્રાંતિના જનક ડૉ. વર્ગીસ કુરિયને પોતાના પુસ્તકમાં આ પ્રસંગ નોંધીને સરદારના સત્તાધીશ સાથીઓ કેવા નગુણા હતા, એની ટીકા પણ કરી છે. જોકે ૮૬ વર્ષની વયે અમદાવાદમાં મણિબહેને અંતિમ શ્વાસ લીધા ત્યાં લગી એ ખુમારી અને ખુદ્દારીથી જીવ્યાં. ચાર ચાર વાર લોકસભામાં અને એક વાર રાજ્યસભામાં ચૂંટાઈને ગયાં, પણ છેલ્લા દિવસોમાંય એ રિક્ષા કે બસમાં મુસાફરી કરતાં હતાં. એમની પ્રકૃતિ આખરે સરદારની જ વારસ હતી.

haridesai@gmail.com

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

પેદાશ, જમીનથી નજીકના રસ્તા, રસ્તાથી જમીન સુધીનું અંતર, સિંચાઈ માટેના સાધનો, જમીનથી પેદશા માટેની હેરફેર માટે મળવા પાત્ર સગવડો, નજીકની જમીનની કિંમત, ખેતી કે બીન ખેતી વિષયક નજીકમાં આવેલ સરકારી કચેરીઓ, રેલ્વે, તાર, ટેલીફોન, એરપોર્ટ, બસ સ્ટેન્ડની સગવડો, ઉદ્યોગોની શકયતા, બાંધકામ ક્ષેત્રફળ, ચો.મી. પ્રકાર, માલસામાનની કિંમત ઘસારાનો દર, મિલ્કતનું આયુષ્ય, મિલ્કતની જે તે સમયની સ્થિતિ, ઉપયોગ અને બજાર કિંમત તથા હેતુ ધ્યાનમાં લઈ જંત્રી નક્કિ કરવાની હોય છે.

## રાયપુર કેનાલ... ● ત્રીજા પાનાનું ચાલુ

બે બાળકીઓ સાથે ઝંપલાવી દીધું હોવાના મેસેજથી ડભોડા પોલીસ દોડતી થઇ ગઇ હતી. અમદાવાદના સૈજપુરબોઘા વિસ્તારમાં રહેતા હંસાબેન શૈલેષભાઈ ચાવડા તેમને બે નાની નાની દીકરીઓને લઈને કેનાલમાં કૂદી ગઈ હતી. કેનાલમાં ડૂબી રહેલી બે દીકરીઓ અને માતાને જોઈને સિક્યુરિટી ગાર્ડ પ્રવીણભાઈ ઠાકોર કેનાલ તરફ દોડી ગયા હતા અને કેનાલમાં કૂદીને ત્રણેયને બચાવવા કામે લાગી ગયા હતા. માતા હંસાબેન ચાવડાને બચાવી લેવામાં કેનાલ સિક્યુરિટી ગાર્ડ અને સફળતા મળી હતી પરંતુ બે દીકરીઓ સુધી સિક્યુરિટી ગાર્ડ પહોંચે તે પહેલાં જ બંને કેનાલના પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. કેનાલમાંથી બહાર નિકાળી દેવાયેલા હંસાબેનને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તો બીજી તરફ કેનાલમાં ગરકાવ થઈ ગયેલી બન્ને દીકરીઓની શોધખોળ સિક્યુરિટી ગાર્ડ અને ફાયર ની ટીમ દ્વારા શરૂ કરવામાં આવી હતી. કેનાલમાં શોધખોળ દરમિયાન ડૂબી ગયેલી બંને દીકરીઓ આઠ વર્ષીય ખુશી અને ચાર વર્ષીય સાક્ષીના મૃતદેહ મળી આવ્યા હતા. ડભોડા પોલીસે બંને બાળકીઓને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. બંને દીકરીઓને સાથે રાખીને કેનાલમાં કૂદી ગયેલી માતાની હાલત હાલ ગંભીર છે. હોસ્પિટલમાં દાખલ આ માતાએ કયા કારણોસર આ પગલું ભરવું પડ્યું તે બાબત બહાર લાવવા માટે તેણીનું નિવેદન લેવા પોલીસે તજવીજ શરૂ કરી છે. જોકે હજુ સુધી આ કૃત્ય કરવામાં પાછળનુ કોઈ ચોક્કસ કારણ બહાર આવી શક્યું નથી. જોકે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ શૈલેષભાઈ તેમના પત્ની હંસાબેન તથા બંને બાળકીઓને લઈને તેમના વતન દોલતાબાદ જવા નીકળ્યા હતા પરંતુ રાયપુર પાસે પહોંચ્યા ત્યારે અચાનક હંસાબેને પિયર સુલતાનપુર જવાનું કહ્યું હતું. પરંતુ શૈલેષભાઈ કામથી વતન જવાનું જ નક્કી કરીને નીકળ્યા હતા. હંસાબેને વતનમાં આવવાની ના પાડી ને બંને દીકરીઓ સાથે પોતાના ઘરે સૈજપુરબોઘા જવાનું કહેતા શૈલેષભાઈ હંસાબેન અને બંને દીકરીઓને ત્યાં જ મૂકીને વતન જવા નીકળી ગયા હતા. ત્યારબાદ ત્યાંથી હંસાબેન બંને દીકરીઓને લઈને રાયપુર નર્મદા કેનાલ પાસે પહોંચી ગયા હતા અને કેનાલમાં પડતું મૂકી દીધું હતું. જો કે આ મામલે પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

## મહત્વની બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વિશદ્ ચર્ચા - વિચારણા થશે તેમ મનાઈ રહ્યું છે.

પ્રવેશોત્સવ માટે ૧૪ અને ૧૫ તાલુકા નિયત કરવા સહિતની બધી જ કામગીરી નિયત સમયમર્યાદામાં સંપન્ન થઈ જાય તે જોવા આજની બેઠકમાં તાકિદ કરાશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે પ્રવેશોત્સવ સમિતિની બેઠક શરૂ થાય તે પૂર્વે સવારે ૯ વાગે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી વિડીયો કોન્ફરન્સ થકી અધિકારીઓને બ્રિફીંગ કરનાર છે. જેમાં સરકારના અભિગમની રૂપરેખા સાથે ગુણવત્તાસભર શિક્ષણમાં ખુટતી કડીઓ કેવી રીતે જોડવી તે વિસે વાત કરશે તેમ મનાઈ રહ્યું છે.

## ડ્રોપઆઉટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અપૂરતી સુવિધાઓ જેમ કે વર્ગ ખંડોની ઘટ, સેનીટેશનની અપૂરતી સુવિધા જેવા કારણો જવાબદાર હોવાનું શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોનું માનવું છે. જિલ્લામાં કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો જરૂર નોંધાયો છે પણ તે અગાઉના વર્ષોની તુલનામાં ઘણો ઓછો છે. હવે ધીરે ધીરે ગ્રામીણ વિસ્તારમાં જાગૃતિ આવી છે પરંતુ ધો.૬ થી ૮ની સુવિધા ધરાવતી શાળાઓ હજુ પણ બધા ગામોમાં ઉપલબ્ધ થઈ શકી નથી એટલું જ નહિ આ માટે ૨ થી ૩ કિ.મી.નું અંતર કાપવું પડે તેમ છે.

## ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે એમ સાબિત થાય છે. રાતવાસો કરનાર વ્યક્તિ ધંધા-વ્યવસાયી હોય કે સરકારી કર્મચારી હોય કે પ્રવાસી હોય અથવા એ ગુજરાતનો હોય કે અન્ય રાજયનો હોય કે વિદેશી નાગરિક હોય ગાંધીનગર તેના માટે રાત્રિ રોકાણનું બેસ્ટ ડેસ્ટિનેશન છે એમ આંકડાઓ દર્શાવે છે.

વાપીથી વડોદરા સુધીનો વિસ્તાર એ અનેક ઔદ્યોગિક કારખાનાઓના કારણે ગોલ્ડન કોરિડોર તરીકે નામના પામ્યા છે. ત્યાંની વસ્તીના પ્રમાણને ધ્યાનમાં લઈએ તો ૫૦ લાખની આસપાસ વસ્તી ધરાવતા સુરત શહેરી વિસ્તારમાં ૨૦૨૦ હોટલ અને સૌરાષ્ટ્રના મુખ્ય શહેર રાજકોટની વસ્તી ૨૨ લાખથી વધુ વધુ હોવા છતાં ગેસ્ટ હાઉસ હોટલ તો ૧૧૪૦ જ છે. ગાંધીનગરની વસ્તી કરતા ચાર ગણી વસ્તી રાજકોટની વધુ હોવા છતાં ગાંધીનગર કરતા હોટેલની સંખ્યા તો ૨% જ વધારે છે. આમ, ગાંધીનગરની એક હોટેલિયર બિઝનેસ બાબતે દિવસે દિવસે અગ્રેસર બનતું જાય છે એમ દર્શાવે છે.

ભલે મહાનગર પણ અન્ય મહાનગરોની સરખામણીએ નાનકડું ગણાય એવું ગાંધીનગર વ્યવસાયીઓ, સરકારી કર્મીઓ અને પ્રવાસીઓ માટે 'રોકાણ' ખાસ કેમ બન્યું એની પાછળના સમાજશાસ્ત્રીય કારણો પણ જોવા જેવા છે. ગાંધીનગર રાજયનું વહીવટી વડુ મથક હોવાથી સરકારી કામ અર્થે રાજયમાંથી સરકારી કર્મચારીઓની આવનજાવન સૌથી વધુ રહે છે એ મહત્ત્વનું કારણ છે. ઉપરાંત રાજયસરકાર દ્વારા વાઈબ્રન્ટ સમિટ ઉપરાંત અનેક રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક કાર્યક્રમો માટેનું સ્થળ ગાંધીનગર જ હોય છે એ પણ ખરું.

આ ઉપરાંત જે વ્યવસાયીઓ ધંધા-રોજગારના કામ અર્થે અમદાવાદ આવતા હોય તેઓને પાટનગર ગાંધીનગરની લીલોતરી, ફોર લેન રસ્તા, પ્રદૂષણ રહિત નગર અને ઘોંઘાટની ગેરહાજરી ગાંધીનગર આવવા જ નહીં ઉતારા માટે પણ અત્યંત અનુકૂળ લાગે છે. ઉપરાંત ગાંધીનગરથી એરપોર્ટ પણ નજીક અને ટ્રાફિક ભીડભાડ વગર પહોંચાય એ સુવિધા પણ પ્રવાસીઓને ગાંધીનગર ખેંચી લાવે છે. ગાંધીનગર ઉત્તર ગુજરાતનું પ્રવેશદ્વાર છે એટલે મહેસાણા ઓ.એન.જી.સી.ના કામે આવતા કે માણસા-વિજાપુર પટ્ટામાં બી.ટી. કોટન માટે આવતા પંજાબ-હરિયાણાના ખેડૂત-એજન્ટ હોય કે ઊંઝાનું ઈસબગુલ કે જીરુ ખરીદવા આવતા વેપારીઓ હોય તેઓ પણ ગાંધીનગર જ રોકાવાનું પસંદ કરે છે અને એ સિવાય અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક, ત્રિમંદિર સહીતના પ્રવાસધામોના કારણે પણ ગાંધીનગર આકર્ષણ ધરાવે છે.

નજીકના દિવસોમાં ગાંધીનગર હોટલ - ગેસ્ટહાઉસના બિઝનેસમાં વધુ ને વધુ અગ્રેસર બનશે એમ આંકડાઓ સ્પષ્ટ દર્શાવે છે.

(લેખક સમાજશાસ્ત્રના સહઅધ્યાપક છે.)

## ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારમાં છુપાયેલા છે. માહિતી મળ્યા બાદ સેનાની ૧૪ રાષ્ટ્રીય રાયફલના જવાનોએ વન્ય વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. સર્ચ ઓપરેશન દરમિયાન ત્રાસવાદીઓએ સેનાના જવાનો ઉપર ગોળીબાર કર્યો હતો અને ભાગવાના પ્રયાસ કર્યા હતા. ત્યારબાદ એસઓજી અને સીઆરપીએફના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને વન્ય વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરી હતી. સેનાએ પણ પનાર વિસ્તારમાં વન્ય વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરી હતી જેમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આતંકવાદીઓ દ્વારા હાલમાં મોટાપાયે ઘુસણખોરી કરવામાં આવી રહી છે. રમઝાનના ગાળા દરમિયાન યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હોવા છતાં આતંકવાદીઓ સતત હુમલા કરતા રહ્યા છે. રમજાનમાં યુદ્ધવિરામના ગાળા દરમિયાન ત્રાસવાદી હિંસા વધી ગઈ છે. છેલ્લા ૨૦ દિવસના ગાળામાં જ પહેલા કરતા વધારે લોકોના મોત થયા છે. છેલ્લા ૨૦ દિવસમાં ૩૬થી વધુ લોકોના મોત થયા છે. જેમાં પોલીસ અને સુરક્ષા જવાનોનો સમાવેશ થાય છે. શ્રીનગરના જુદા જુદા સ્થળ પર ૧૮ ગ્રેનેડ ઝીંકવામાં આવ્યા હતા. બે ડઝનથી વધારે લોકો ઘાયલ પણ થઈ ગયા છે. આ વર્ષે જાન્યુઆરીથી લઈને હજુ સુધી ૧૪૩ લોકોના મોત થયા છે. જેમાં ૩૭ નાગરિકો સામેલ છે. ૭૧ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે વર્ષ ૨૦૧૭માં ત્રાસવાદીઓએ અમરનાથ યાત્રા દરમિયાન ગુજરાતના શ્રદ્ધાળુઓને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા હુમલામાં સાત લોકોના મોત થયા હતા. આ હુમલામાં ૧૯ અન્ય લોકો ઘાયલ થયા હતા. આ હુમલાના કારણે દેશમાં આક્રોશનુ મોજુ ફરી વળ્યુ હતુ. જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળો દ્વારા રમઝાનમાં ઓપરેશન ઓલઆઉટ બંધ રાખવામાં આવ્યું છે પરંતુ ત્રાસવાદીઓના હુમલાના કેસમાં જવાબી કાર્યવાહી કરવામાં આવી રહી છે.